અપીલ અરજી નં.૪૧૬ તા.૨૪–૨–૧૦

અરજદારઃ– શ્રી રામચંદ્ર હરીહર

સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રામચંદ્ર હરીહરની તા.૧૬–૧–૧૦ ની અરજીથી ટેના નં.૭૫એ–૦૯–૯૪૪૧–૦–૦૦૧ વાળા પ્લોટની નામફેર થયા બાબતની ફાઈલની ઝેરોક્ષની નકલ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૪–૨–૧૦ ની અપીલ અરજી નં.૪૧૬/૨૦૦૯–૧૦

શ્રી રામચંદ્ર હરીહરની તા.૧૬–૧–૧૦ ની અરજીથી ટેના નં.૭૫એ–૦૯–૯૪૪૧–૦–૦૦૧ વાળા પ્લોટની નામફેર થયા બાબતની ફાઈલની ઝેરોક્ષની નકલ આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનનો પત્ર નં.સા.ઝોન/અકણ/આ.નં.૧૯૩૯ તા.૧૬–૨–૧૦ થી આપેલ માહિતી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૦૪ તા.૪–૩–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન) તથા અરજદારને મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત સહ મોકલવા બાબતે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તેમના પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૨૧૨૨ તા.૧૨–૩–૧૦ થી પૂરક વિગતો પૂરી પાડેલ છે. જેમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, ટેક્ષ ભર્યાની રસીદ નં.૧૬૬૫૦૧૪ તા.૨૩–૬–૦૯ ની નકલ, ત્રાહિત વ્યકિતને આપેલ નોટીસ પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૭૯૮ તા.૨૭–૧–૧૦ ના પત્રની નકલ તથા તેના પ્રત્યુત્તર અંગે ત્રાહિત વ્યકિતએ આપેલ તા.૬–૨–૧૦ ના અભિપ્રાયની નકલ તથા અરજદારને આપેલ માહિતી પત્ર નં.સા.ઝોન/અકણ/આટીઆઈ/૧૯૩૯ તા.૧૬–૨–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મળેલ છે.

અરજદારની તા.૧૬–૧–૧૦ ની અરજીથી ટેના નં.૭૫એ–૦૯–૯૪૪૧–૦–૦૦૧ વાળા પ્લોટની નામફેર થયા બાબતની ફાઈલની ઝેરોક્ષની નકલ આપવા બાબતે અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૯૩૯ તા.૧૬–૨–૧૦ થી જાહેર માહિતી અધિકારી તરફથી "આપની માહિતી માંગતી અરજી અંગેના અનુસંધાનમાં ત્રાહિત પક્ષકારે માહિતી આપવા અંગે વાંધો ઉઠાવી માહિતી નહીં આપવા જણાવેલ છે જેથી રાઈટ ટૂ ઈન્ફર્મેશન એકટની કલમ–૧૧ (૨) હેઠળ માહિતી આપવા અંગે હું ઈન્કાર કરું છું." તેવી માહિતી જાહેર માહિતી અધિકારીએ અરજદારને પૂરી પાડેલ છે. જે બાબતે અરજદારે તા.૨૪–૨–૧૦ ના રોજ અપીલ અરજી કરી કબ્જા રસીદની ઝરોક્ષની માંગણી કરેલ છે. જે માહિતી અરજદારે ત્રાહિત વ્યકિતની માંગેલ જણાય છે. અરજદારની માંગેલ માહિતી બાબતે દફતરી વિગત અનુસાર ખરેખર જે ત્રાહિત હોય તેમને રજૂઆત કે વાંધો રજૂ કરવાની તક આપી તે વાંધાને અનુલક્ષી યોગ્ય તે નિર્ણય પર આવવાનું રહે છે . તેથી દફતરી વિગતોને સુસંગત ત્રાહિત વ્યકિત બાબતે કાયદાની કલમ–૧૧(૨) હેઠળની કાર્યવાહી અનુસરી તેમની રજૂઆતો ધ્યાને રાખી જો ત્રાહિત તરફથી કોઈ વાંધો રજૂ થયેલ હોય તો તે બાબતે માહિતી જાહેર કરવાથી ત્રાહિતને થતાં નુકશાન સામે વ્યાપક જાહેર હિત ધ્યાને રાખી કલમ–૧૧ હેઠળ માહિતીના ઈન્કાર કરવા અગર માહિતી જાહેર કરવાની બાબત જાહેર માહિતી અધિકારીની વિવેક બુધ્ધિ પર નિર્ભર છે. પ્રસ્તુત કિસ્સામાં જાહેર માહિતી અધિકારીએ તા.૨૭–૧–૧૦ ના રોજ ત્રાહિત શ્રી મીરાદેવી જે મિલ્કતના કબ્જાદાર છે તેણીને પત્ર પાઠવી વાંધો મંગાવેલ. જેના અનુસંધાને ત્રાહિત ધ્વારા તા.૬–૨–૧૦ ના રોજ વાંધો રજૂ કરી માહિતી જાહેર કરવા ઈન્કાર કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિર્ણય લઈ અરજદારને નિર્ણયની જાણ કરવામાં આવેલ છે. અરજદારે તેમની માહિતી માંગતી અરજીમાં નામ ટ્રાન્સફર ફાઈલની ઝેરોક્ષ માંગેલ તથા અપીલ તબકકે કબ્જા રસીદની ઝેરોક્ષ માંગેલ છે જે ત્રાહિતને લગતી અને ત્રાહિત ધ્વારા રજૂ થયેલ કક્ષામાં ગણાય.

અરજદારે અપીલ તબકકે તે સિવાય કચેરી પ્રક્રિયાના કાગળો નામ તબદીલી અંગેના કે તેની કાર્યવાહીની વિગતો જે જાહેર સ્ત્રોત હેઠળના ગણાય. તેનો કોઈ આગ્રહ અપીલ તબકકે રાખેલ નથી. પરંતુ અપીલ અરજીમાં અરજદારે " મિલ્કતમાં મારો હક છે " તેવી રજૂઆત કરેલ છે. જે અંગે અરજદારને અત્રેના તા.૪–૩–૧૦ ના રોજના પત્ર ધ્વારા તેવા કોઈ આધાર હોય તો રજૂ કરવા જણાવેલ પરંતુ તે રજૂ કરવામાં સફળ રહેલ નથી.અત્રે એ પણ પ્રસ્તુત છે કે ત્રાહિત ધ્વારા લીધેલ વાંધામાં ત્રાહિતે વિવાદી મિલ્કત અંગેનો દિવાની દાવો ચાલુ હોવાનું જણાવેલ છે તે સંજોગોમાં અરજદાર તેમના હકના દાવા અંગે ઉપલબ્ધ આધાર રજૂ કરી શકયા હોત પરંતુ તેમાં નિષ્ફળ રહેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૬–૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીનો કલમ–૧૧ (૨)હેઠળ માહિતીના ઈન્કાર અંગેનો નિર્ણય બહાલ રાખવામાં આવે છે અને અરજદારની અપીલ અરજી અંગે કઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે.

સદર હુકમ સામે નારાજગીના કિસ્સામાં અરજદારને કાયદાની કલમ–૧૯(૩) હેઠળ રાજય માહિતી આયોગ, ગુજરાત રાજય, સેકટર–૧૮, ગાંધીનગરને બીજી અપીલ દિન–૯૦ માં કરવાની જોગવાઈ છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી રામચંદ્ર હરીહર